# ઓળખાવે 'અનુભવી', આત્માને !

## એવો છે એ જ્ઞાનપ્રકાશ!!!

**પ્રશ્નકર્તા :** જ્ઞાન એ સમજ નથી પણ પ્રકાશ છે, તો એ અંગે જરા વધારે ફોડ પાડો.

**દાદાશ્રી :** પ્રકાશ એટલે બેઠાં બેઠાં બધું દેખાય અને સમજ એ શ્રદ્ધા છે. સમજ એ દર્શન છે અને જ્ઞાન એ પ્રકાશ છે અને એ પ્રકાશ એ જ આત્મા છે. જ્ઞાન જ આત્મા છે. બીજી કોઈ વસ્તુ આત્મા નથી. કેવળજ્ઞાન ! કેવળ એટલે કોઈ પણ બીજું કશું ભેળસેળ નહિ એવું જ્ઞાન, એનું નામ પ્રકાશ, એનું નામ આત્મા !

**પ્રશ્નકર્તા :** એ પ્રકાશ આપણે બીજી કોઈ ચીજની સાથે સરખાવી શકીએ છીએ ?

**દાદાશ્રી :** ના, ના, ના. એની સરખામણી થઈ જ ના શકે. અજોડ વસ્તુની સરખામણી તે થઈ શકતી હશે ? એવી (આત્મા જેવી) કોઈ ચીજ જ નથી આ જગતમાં.

**પ્રશ્નકર્તા :** આ પ્રકાશ શબ્દ આપણે વાપરીએ છીએ, તો એનું 'કમ્પેરિઝન' (સરખામણી) તો કંઈ હોય ને ?

**દાદાશ્રી :** અ-જો-ડ!

**પ્રશ્નકર્તા :** તો પછી એ પ્રકાશ છે એ કોઈ ઇન્દ્રિયોની મદદથી પ્રાપ્ત નથી થતો ને ?

**દાદાશ્રી :** ઇન્દ્રિયોમાં મદદે ય નથી કરતો એ પ્રકાશ. ઇન્દ્રિયોથી પ્રાપ્તે ય થતો નથી.

**પ્રશ્નકર્તા :** તો એ ઇન્દ્રિયાતીત છે ?

**દાદાશ્રી :** હા, ઇન્દ્રિયાતીત ને બધાંથી 'તીત!' કોઈ કહેશે કે મારામાં ચેતન કામ કરે છે. તો એ ભૂલવાળી વાત છે. ચેતન કામ કરતું જ નથી. આ બધા વ્યાખ્યાન સાંભળે, ધર્મકથાઓ કરે, એમાં ચેતન નથી.

**પ્રશ્નકર્તા :** તો જ્ઞાન એટલે પ્રકાશ જ છે ?

**દાદાશ્રી :** એ તો પ્રકાશ જ છે. બીજું કશું છે જ નહિ અને એ જ આત્મા છે અને એ જ પરમાત્મા છે.

**પ્રશ્નકર્તા :** ઇન્દ્રિયાતીત કહો, નિર્વિકલ્પ કહો.

**દાદાશ્રી :** હા, બધું. બુદ્ધિથી પર, બધાંથી પર, આ બુદ્ધિથી પર 'હું' થયેલો છું.

'હું શુદ્ધાત્મા છું' એ તમને કેટલો વખત યાદ રહે છે ?

**પ્રશ્નકર્તા :** એક ઘડી પણ વિસરતો નથી.

**દાદાશ્રી :** ત્યારે એ પ્રકાશને તમે જોઈ રહ્યા છો. તદાકાર થઈ રહ્યા છો. એકલા જોઈ રહ્યા નથી, જે જુઓ તે, તદાકાર થવાય. જે આકાર છે એનો તદાકાર થઈને ઊભો રહે. એટલે એ જ દિશામાં તમે હવે જઈ રહ્યા છો.

## દૃશ્ય શું ? દૃષ્ટા કોણ ?

**પ્રશ્નકર્તા :** એ પ્રકાશને જ્ઞાનજ્યોતિ પણ કહી શકાય ને ?

**દાદાશ્રી :** હા, જ્ઞાનજ્યોતિ. જયોતિનો અર્થ લોકો જુદો સમજે છે. જયોતિનો અર્થ લોકો એવો સમજે છે કે આ દીવાની જયોતિ હોય એવો આત્મા હશે ! એવો આત્મા છે નહિ. એ પ્રકાશે ય જુદો ને એ જયોતિ ય જુદી છે. આ તો આપણા લોકોએ અહીં જોયું હોય ને એવી કલ્પના કરે. અજવાળું અજવાળું દેખાય છે એવું કહે. કેટલાક લોક તો કહે છે કે મહીં કૃષ્ણ ભગવાન દેખાયા. તો કેવા દેખાય છે ? ત્યારે

કહે, 'મુરલીવાળા!' મેં કહ્યું, 'શું કરે છે એ ?' ત્યારે એ કહે, 'પ્રકાશ, પ્રકાશ, પ્રકાશ !!!' મેં કહ્યું, એ તો દૃશ્ય છે ને આત્મા દૃષ્ટા છે. એ દૃષ્ટામાં નાખ તારી દૃષ્ટિ. એ દૃશ્ય છે ને તારી દૃષ્ટિ વાંકી છે, તે દૃશ્યને જ જોયા કરે છે. એટલે દૃષ્ટા જોનારો છે, તે આત્મા છે. આ કૃષ્ણ ન્હોય, પેલો 'જોનારો' છે એ કૃષ્ણ છે ! તમને સમજ પડી ને ?! છતાં ય અમે લોકોને એમ કહીએ કે આ ખોટું છે માનીને આ છોડી ના દઈશ. નહિ તો જરાક એકાગ્રતા રહેતી હતી, થોડીક શાંતિ રહેતી હતી, તે ય નહિ રહે. પણ આગળ ઘણું જવું છે એવું તારી દૃષ્ટિમાં વિચારી રાખજે અને અટકી ના જઈશ. નહિ તો ત્યાં લોકો અટકી ગયેલા છે કે કૃષ્ણ ભગવાનનો સાક્ષાત્કાર મારે થયા કરે છે. એ મહીં દેખાય છે એ દૃશ્ય છે.

**પ્રશ્નકર્તા :** અને દૃષ્ટા કોણ ?

**દાદાશ્રી :** દૃષ્ટા આત્મા. તે ત્યાં દૃષ્ટિ નાખ એમ કહે છે. આ દૃષ્ટિ તું દૃશ્યમાં નાખે છે તેને બદલે તારી દૃષ્ટિ આત્મામાં નાખ ! તમારી (મહાત્માઓની) દૃષ્ટિ આત્મામાં થયેલી છે.

**પ્રશ્નકર્તા :** આત્મા જે પ્રકાશમાન થાય છે એ દૃશ્ય નથી ?

**દાદાશ્રી :** ના. આત્મા પોતે દૃષ્ટા જ છે. એ દૃશ્ય થયો જ નથી, કોઈ દહાડોય. પણ તમારી દૃષ્ટિ જુદી છે, એટલે તમે મૂળ દૃષ્ટિ ખોળો છો. તે મૂળ દૃષ્ટિ દૃશ્યમાં જુએ છે, એનો જોનારો દૃષ્ટા છે. તો તમારી દૃષ્ટિ દૃષ્ટામાં નાખો છો. જગત આખાની દૃષ્ટિ દૃશ્યમાં નાખીને ફરે છે. પણ જો દૃષ્ટામાં નાખે, તમારી દૃષ્ટિ એક ફેરો આત્મામાં પડી, તો આત્મામાં તમારી શ્રદ્ધા બેઠી. પછી એના અનુભવ થવા માંડયા. મહીં ચેતવે છે ને ? આખો દહાડો ? એટલે આ છે તો દર્શન થયું, પ્રતીતિ બેઠી (આત્માની).

### દૃષ્ટિ, કઈ ભણી ?

**પ્રશ્નકર્તા :** દૃષ્ટિ, દૃષ્ટા અને દૃશ્ય આનો ફોડ પાડો.

**દાદાશ્રી :** સમ્યક્ દૃષ્ટિ આત્માને જ જુએ અને મિથ્યાદૃષ્ટિ દૃશ્યને જ જુએ. સમ્યક્ દૃષ્ટિ દૃષ્ટાને જુએ અને મિથ્યાદૃષ્ટિ દૃશ્યને જ જુએ અને દૃશ્યને આત્મા માને. સમજ પડી ?

**પ્રશ્નકર્તા :** એટલે દૃશ્ય હોવું જોઈએ કે ના હોય તો ચાલે ?

**દાદાશ્રી :** દૃશ્ય જ છે આખું જગત. દૃશ્ય ના હોય તો દૃષ્ટા શી રીતે જડે ? દૃષ્ટા ઓળખાય શી રીતે ? આ સ્ત્રી છે તો પુરુષો ઓળખાય. બધા જ પુરુષો હોય તો શી રીતે ઓળખાય ?

### ધ્યેયના ધ્યાનનો ધ્યાતા કોણ ?

**પ્રશ્નકર્તા :** ધ્યાતા, ધ્યાન અને ધ્યેય આમાં ધ્યેય તો આપણે જ્ઞાનપ્રકાશ પ્રાપ્ત કરવો છે તે છે. આમાં ધ્યાતા કોણ ?

**દાદાશ્રી :** ધ્યાતા આ સમ્યક્ દૃષ્ટિ, 'પોતે'. 'પોતે' હવે સમ્યક્ દૃષ્ટિવાળો થયો. પહેલાં 'પોતે' મિથ્યાદૃષ્ટિવાળો હતો. તે ધ્યાતા થયો ત્યારે સમ્યક્ દૃષ્ટિવાળો થયો. એનો એ અહંકાર મિથ્યા દૃષ્ટિવાળો હતો પછી એનો એ અહંકાર સમ્યક્ દૃષ્ટિવાળો થયો. એટલે પોતે ધ્યાતા થયો. ધ્યાતા થયો એટલે નિરંતર આત્માના ધ્યાનમાં રહેવો જોઈએ. ધ્યેય ધ્યાનમાં રહે એનું નામ મોક્ષ ! ધ્યેય છે આત્મા, એ તમારા ધ્યાનમાં નિરંતર રહે.

**પ્રશ્નકર્તા :** અને ધ્યાન શું ?

**દાદાશ્રી :** તમે શુદ્ધાત્મા છો એ ધ્યાન તમને રહે છે કે ભૂલી જવાય છે ?

**પ્રશ્નકર્તા :** નથી ભુલાતું.

**દાદાશ્રી :** તો એ જ ધ્યાન. આ શુક્લ ધ્યાન છે ! એ જ ધ્યાન. ધ્યાન તો બીજાં કપાળ ફૂટીને ના કરવાનાં હોય ! એ તો આ લોકોએ બધો વેપાર ખોલીને અવળે રસ્તે ચઢાવા માંડયા છે. આજે મુંબઈ જવાનું છે એ તમારા ધ્યાનમાં ભૂલી જવાય ? એનું નામ ધ્યાન અને બીજાં ધ્યાન કરવાં હોય, એકાગ્રતા કરવા માટે કરવા હોય તો પછી આ,

ન-મો-અ-રિ-હં-તા-ણં

ન-મો-સિ-દ્ધા-ણં

ન-મો-આ-ય-રિ-યા-ણં

ન-મો-ઉ-વ્વ-ઝ્ઝા-યા-ણં

ન-મો-લો-એ-સ-વ્વ-સા-હૂ-ણં......

એ બધું આમ આંખો મીંચીને આપણને આમ શબ્દો દેખાય એવું ધ્યાન કરવું જોઈએ. આંખો મીંચીને વાંચી શકીએ એ રીતનું ધ્યાન કરવું જોઈએ. બીજા ધ્યાન કરવાનાં હોય તો હંડ્રેડથી વન બોલો. પહેલું બોલો ૧૦૦ પછી ૯૯, ૯૮, ૯૭, ......

### દૃષ્ટિ, કોની ?

**પ્રશ્નકર્તા :** દૃષ્ટા, દૃશ્ય અને દૃષ્ટિ ફરીથી સમજાવો.

**દાદાશ્રી :** અત્યારે તમે ભૌતિક ચીજોમાં જ સુખ માનો છો. એ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. એમાં આપણું કામ નહિ થાય. ભટકવાનું સાધન એ. તેનાથી સમ્યક્ દૃષ્ટિ ક્યારે થાય ? અમે જ્ઞાન આપીએ ત્યારે સમ્યક્ દૃષ્ટિ થાય. તે મિથ્યાદૃષ્ટિ એ રોંગ બિલીફ છે. શું નામ તમારું ?

**પ્રશ્નકર્તા :** ચંદુલાલ

**દાદાશ્રી :** હું ચંદુલાલ છું. એ ફર્સ્ટ રોંગ બિલીફ. આ બાઈનો ધણી થાઉં એ બીજી રોંગ બિલીફ. આનો ફાધર થાઉં એ ત્રીજી રોંગ બિલીફ. આનો મામો થાઉં, આનો માસો થાઉં, એવી કેટલી રોંગ બિલીફો બેઠી છે ? આ રોંગ બિલીફો ફ્રેકચર કરી નાખે ત્યારે રાઈટ બિલીફ બેસે. રાઈટ બિલીફો એટલે સમ્યક્ દર્શન. એટલે પછી 'હું આત્મા છું' એવી બિલીફ બેસી જાય. હું ચંદુલાલ ન્હોય, હું આત્મા છું. એવી બિલીફ બેસી જાય.

બંને અહંકારની જ દૃષ્ટિ છે. પેલી દૃષ્ટિ એ દૃશ્યને જોતી હતી, ભૌતિક વસ્તુને, અને આ દૃષ્ટિ ચેતન વસ્તુને જુએ. ચેતન છે તે દૃષ્ટા છે અને પેલું બીજું બધું દૃશ્ય છે. ચેતનના દૃષ્ટા અને જ્ઞાતા બન્ને ગુણ છે.

**પ્રશ્નકર્તા :** દૃષ્ટિ એ દૃષ્ટાનું કાર્ય છે ને ?

**દાદાશ્રી :** ના.

**પ્રશ્નકર્તા :** તો દૃષ્ટિ શું છે ?

**દાદાશ્રી :** દૃષ્ટિ તો અહંકારને છે. આત્માને દૃષ્ટિ ના હોય. આત્માને તો સહજ સ્વભાવે મહીં દેખાયા કરે. મહીં અંદર ઝળકે ! પોતાની અંદર જ બધું ઝળકે !

**પ્રશ્નકર્તા :** એટલે આત્મા સ્વાયત્ત છે ?

**દાદાશ્રી :** એને કોઈ ક્રિયા ના હોય. એને મહીં, અંદર દર્શન જ્ઞાન બધું ઝળકયા કરે !

**પ્રશ્નકર્તા :** એ બધો આત્માનો જે પ્રકાશ છે એ કોને ખબર પડે ? આમાં દ્વૈત જેવું લાગે છે.

**દાદાશ્રી :** આ જગતમાં આત્માનો પ્રકાશ

ક્યાંય છે જ નહિ.

**પ્રશ્નકર્તા :** આત્મા પોતે પ્રકાશિત થયો તો ય બે સ્થિતિ તો રહે જ છે.

**દાદાશ્રી :** ના, ના કોઈ સ્થિતિ જ નહિ. જ્ઞાતા દૃષ્ટા પરમાનંદી. બીજી કોઈ સ્થિતિ જ નહિ. પોતાને કંઈ કરવાપણું છે નહિ. આ બધું જ છે તે આત્મા વગર છે. ફક્ત શરીરમાં આત્મા હોવાથી આ બધું ચાલ્યા કરે છે. આત્મા નીકળી જાય એટલે બધું બંધ થઈ જાય. આ બધું મિકેનિકલ એડજસ્ટમેન્ટ છે. વ્યાખ્યાન આપે છે તે ય મિકેનિકલ એડજસ્ટમેન્ટ છે અને સાંભળે છે તે ય મિકેનિકલ એડજસ્ટમેન્ટ છે. આમાં આત્મા નથી.

**પ્રશ્નકર્તા :** તો પછી આ આત્માને જાણનાર કોણ છે ? આત્મજ્ઞાન થાય છે તે કોને થાય છે ?

**દાદાશ્રી :** એ અહંકારને દૃષ્ટિ થાય છે. પેલી મિથ્યા દૃષ્ટિ હતી તેના કરતાં 'આમાં' વધારે સુખ પડયું એટલે એ પછી અહંકાર ધીમે ધીમે આમાં ઓગળી જાય છે. ધીમે ધીમે ઓગળતો જાય છે. અહંકાર શુદ્ધ થયો કે એ શુદ્ધાત્મા જોડે ઓગળી જાય છે બસ ! જેમ સાકરની પૂતળી હોય તે તેલમાં નાખીએ તો ઓગળે નહિ પણ પાણીમાં નાખીએ તો ઓગળી જાય એવી રીતે છે. એટલે શુદ્ધાત્માની દૃષ્ટિ થઈ કે બધું ઓગળવા માંડે. ત્યાં સુધી અહંકાર છે.

## અહંકાર કોને થાય ?

**પ્રશ્નકર્તા :** અહંકાર કોને થાય છે ?

**દાદાશ્રી :** જે ભોગવે છે તેને. ભોગવતો ના હોય તેને અહંકાર ના હોય. દુઃખ ને સુખ ભોગવતો હોય તેને અહંકાર હોય અને દુઃખ ને સુખ ભોગવતો ના હોય તેને અહંકાર જ ના હોય. સમજ પડી ને ? સુખને વેદતો ના હોય, દુઃખને વેદતો ના હોય, એ અહંકાર ના હોય. શરીર હોય, બધું હોય, પણ અહંકાર ના હોય.

## ઉપયોગ કોનો ?

**પ્રશ્નકર્તા :** દૃષ્ટિના સંદર્ભમાં ઉપયોગ કોને કહેવો ?

**દાદાશ્રી :** જાગૃતિ આ બાજુ વાપરવી તે દુરુપયોગ કહેવાય, તેને આત્મા ભણી વાપરવી તેને સદુપયોગ કહેવાય.

**પ્રશ્નકર્તા :** ઉપયોગ મૂળ આત્માનો જ હોય છે ને ?

**દાદાશ્રી :** ના, આત્માનો ઉપયોગ ના હોય. આત્માને ઉપયોગ હોય તો તો એ થઈ ગયો ભંડારી. સર્વિસમેન થઈ ગયો. આ તો આપણા લોકો બધાં એવું શિખવાડે. પણ આત્મા તેવો નથી. આ બહાર જે પ્રચલિત વાક્યો છે તેમાં એક પણ જગ્યાએ આત્મા નથી. આ તમારે માની લેવું. એ સૌસૌના સ્ટેન્ડર્ડ પ્રમાણે સૌ કોઈ બોલે છે, પણ સ્ટેન્ડર્ડડાઈઝડ છે. આત્માને ઉપયોગેય નથી ને કશુંય નથી.

**પ્રશ્નકર્તા :** તો ઉપયોગ કોનો છે ?

**દાદાશ્રી :** ઉપયોગ બધો અહંકારીનો, આત્મા પ્રાપ્ત કરે તે પહેલાં આ બાજુ (ભૌતિક ભણી) ઉપયોગ જાય છે તે પર ઉપયોગ કહેવાય અને આત્માની દૃષ્ટિ થયા પછી આત્મા બાજુ ઉપયોગ જાય છે તેને સ્વ-ઉપયોગ કહેવાય છે, બસ. ઉપયોગ એટલે જાગૃતિ. તે કઈ બાજુ વાપરી તે જોવાનું.

## સ્વભાવ વિભાવમાં જાય કોણ ?

**પ્રશ્નકર્તા :** વિભાવ અવસ્થામાં પોતે ઉપયોગ મૂકે છે એટલે આત્માને કર્મ બંધાય

છે. એટલે આ આત્માનો જ ઉપયોગ વિભાવદશામાં જાય છે. જો એ સ્વભાવમાં રહે તો એને કર્મ બંધાતું નથી. એ બરાબર છે ?

**દાદાશ્રી :** ના, ખોટી વાત છે. આત્મા નિરંતર સ્વભાવમાં જ રહે છે, એ જ આત્મા. અને સ્વભાવ વિભાવ થયા કરે છે એ વ્યવહાર આત્મા. જે સ્વભાવ ને વિભાવ થયા કરે છે એ વ્યવહાર આત્મા છે અને આત્મા તો નિરંતર સ્વભાવમાં જ રહે છે. એ તો નિરંતર મુક્ત જ છે, અનાદિ મુક્ત છે. અંદર બેઠેલો છે પાછો અને સ્વભાવ વિભાવ થયા કરે છે, એ વ્યવહાર આત્મા છે. વ્યવહાર એટલે અત્યારે જે 'ચાલુ આત્મા' છે એ વિભાવિક છે અને વ્યવહાર આત્મામાં આટલું પણ ચેતન નથી. એક સેંટ પણ ચેતન નથી.

## વ્યવહાર આત્માનું સ્વરૂપ શું ?

**પ્રશ્નકર્તા :** આ વ્યવહાર આત્મા છે એ જ અહંકાર છે ?

**દાદાશ્રી :** હા, એ જ અહંકાર છે અને એમાં સેંટ પણ ચેતન નથી. ચેતન મહીં જાય છે. જુઓ, ચેતન વગર કેવું જગત ચાલ્યા કરે છે ! આ વર્લ્ડમાં પહેલી વખત બહાર પાડું છું કે આમાં ચેતન નથી.

**પ્રશ્નકર્તા :** આપે અમને જ્ઞાન આપ્યું એ પહેલાં તો અમારો આત્મા વ્યવહાર આત્મા હતો ને ?

**દાદાશ્રી :** હા, બીજું શું હતું ત્યારે ? આ વ્યવહાર આત્મામાં રહી અને તમે મૂળ આત્માને જોયો. એને જોયો ત્યાં સ્થંભિત થઈ ગયા કે ઓ હો હો, આટલો આનંદ છે ! એટલે પછી એમાં જ રમણતા ચાલી. પહેલાં રમણતા સંસારમાં, ભૌતિકમાં ચાલતી હતી. આ વ્યવહાર આત્મામાં નામે ય ચેતનતા નથી ને ! વગર ચેતનને કેવું સરસ ચાલ્યા કરે છે !

## દેહમાં ય, અનાદિમુક્ત !

'મૂળ આત્મા' અચળ કહેવાય અને વ્યવહાર આત્મા સચર કહેવાય. સચર આત્મા એટલે મિકેનિકલ આત્મા.

**પ્રશ્નકર્તા :** એ બન્ને વચ્ચે કોઈ કડી ખરી ?

**દાદાશ્રી :** ના, કડી વગર બેઉ એમ ને એમ છૂટા જ. બેઉ કોઈ દહાડો જોઈન્ટ થયા જ નથી. એ તમારામાં ય જોઈન્ટ નથી. પણ આ તો ફક્ત હું બોલું, આ છૂટો પડવાનું કારણ શું છે કે અજ્ઞાનથી બંધાઈ ચાલ્યા હતા, તે જ જ્ઞાનથી છૂટા પડે છે. આમ તો છૂટા જ છે. આત્મા તદ્દન જુદો જ છે આ શરીરમાં ! એવો આત્મા મેં જોયો છે. કેવળજ્ઞાન સ્વરૂપે આત્મા મેં જોયો છે. બાકી વેદમાં કે કોઈ જગ્યાએ આત્મા હોય નહિ, એમાં શબ્દો છે. જૈનોના આગમોમાં ય આત્મા ના હોય ને વેદ વેદાંતમાં ય ના હોય.

## સૂરત સ્ટેશને ભાળેલો એ પ્રકાશ !

**પ્રશ્નકર્તા :** તમને જે જ્ઞાનપ્રકાશ થયો ત્યારે તે જ્ઞાનપ્રકાશમાં જ, આખા શરીરમાં ગૂંટળાયા ?! તમને આખા દેહમાં પ્રકાશ જ દેખાયો ?

**દાદાશ્રી :** આખા શરીરનો નહિ, આખા બ્રહ્માંડનો પ્રકાશ મેં જોયો, ભગવાન શું છે ? કોણ બનાવે છે ? કોણ ચલાવે છે ? કર્મો શું છે ? કર્મો બંધાયાં શી રીતે ? બધો પ્રકાશ જોયો.

**પ્રશ્નકર્તા :** દાદાએ છ એ છ તત્ત્વો ખુલ્લાં જોયા છે ને ?

**દાદાશ્રી :** હા, બધું જ જોયું છે. તમારે જે જાણવું હોય તે જાણી લો. મારે તો રામે ય પૂરા થયા ને રામાયણે ય પૂરી થઈ !

### જ્ઞાન, પ્રકાશ એટલે જ્ઞાયકભાવ !

**પ્રશ્નકર્તા :** જ્ઞાન એટલે પ્રકાશ, માત્ર પ્રકાશ, બીજું કંઈ જ નહિ. તો પછી એ જ્ઞાયકભાવ જ રહ્યો ?

**દાદાશ્રી :** હા, જ્ઞાયકભાવ. જાણવા જોવાના ભાવમાં રહ્યો એ આનંદ. બીજું કોઈ સ્વરૂપ નથી. તે કરવાનું નહિ. મહીં ઝળકે. પોતાની મહીં કોઈ જાતની ક્રિયા નહિ. અક્રિય ! ક્રિયા કરે તો થાક લાગે.

### મિશ્રચેતનમાં ય જોવા જાણવાની શક્તિ !

**પ્રશ્નકર્તા :** પહેલાં અજ્ઞાન દશામાં અમારી દૃષ્ટિ પુદ્‌ગલ ઉપર રહેતી હતી. જેમાં જોવા જાણવાનો ગુણ જ નથી. પણ હવે આપે જ્ઞાન આપ્યા પછી અમારી દૃષ્ટિ જેમાં જોવાની ને જાણવાની શક્તિ છે તેમાં લગાડી એટલે અમારી દૃષ્ટિ સ્થિર થઈ ગઈ.

**દાદાશ્રી :** હા, એટલે એ દૃષ્ટિ સ્થિર થઈ ગઈ અને આ અસ્થિરમાં ય જોવા જાણવાની ક્રિયા છે, પણ સંયોગોને જોવા જાણવાની ક્રિયા છે. હવે ક્રિયા તો ત્યાં આત્મામાં ય છે. પણ આત્મામાં અસંયોગી ક્રિયા છે અને આ સંયોગી ક્રિયા છે. તે જોવા જાણવાની ક્રિયા છે. અહીં કહે છે ને કે આ ઝાડ આવ્યું, પાન આવ્યું, ગાય આવી, ભેંસ આવી અને ત્યાંય આત્મા લોકો માને છે. આ જોવા જાણવાની ક્રિયા, આમાં ચેતન બિલકુલ છે નહિ. ચેતન વગર આ શેનાથી ચાલે છે ? તો કહે, 'આત્માની હાજરીથી'. આત્માની હાજરીથી પાવર ચેતન ઊભું થાય છે. એટલે આ બેટરીમાં પાવર ભરેલા સેલ નાખો, પછી બટન દબાવો તો બેટરી ચાલુ થઈ જાય ને ? એવી રીતે આ મન-વચન-કાયાની ત્રણ બેટરીઓ છે. તે એમાં આત્માની હાજરીથી પાવર ચેતન ભરાય છે, અને પછી ડીસ્ચાર્જ થાય છે ને ચાર્જ થાય છે, ચાર્જ ડીસ્ચાર્જ થયા જ કરે છે. આ ત્રણ બેટરીઓ ચાર્જ થાય છે ને આ ત્રણ બેટરીઓ ડીસ્ચાર્જ થાય છે બીજું કશું છે નહિ. જેમ આ સૂર્યનારાયણ છે તે સૂર્યનારાયણની ઇચ્છા ના હોય તો ય આ લોકો પાવર ભરી લે છે કે નહિ ? એવી રીતે આ પાવર ભરાય છે. એટલે આ પાવર ચેતન છે. બીજું કશું છે નહિ.

એટલે આ પાવર ચેતનને મારવામાં પાપ નથી? ચેતન હોય નહિ તેને મારવામાં પાપ હોય ખરું ? ત્યારે કેમ ભગવાને મારવામાં પાપ કહ્યું ? ત્યારે કહે કે એ ચેતન માની બેઠો છે એટલે પાપ લાગે. આને ચેતન માની બેઠો છે કે આ હું જ છું ને આ મારું જ છે.

### ત્યાં ન પહોંચે શબ્દ !

**પ્રશ્નકર્તા :** જોવા જાણવાની ક્રિયા અને પ્રકાશમાં જ્ઞેયો ઝબકે એમાં શું ફેર ?

**દાદાશ્રી :** આત્માના પ્રકાશમાં મહીં જ્ઞેયો ઝળકે એટલે ત્યાં આગળ શબ્દો હોતા નથી. આ જે જોવાનું, જાણવાનું એ શબ્દો છે તે ત્યાં સુધી જ છે, પ્રકાશમાં આવે છે ત્યારે પછી શબ્દો જતા રહેશે, એમને ઘેર ! અમે આ જ્ઞાન આપ્યું એટલે દર્શન થયું. દર્શન પહેલું ઊભું થાય એટલે કે સમજણ, પ્રતીતિ બેસે. એને દર્શન કહેવાય.

### ત્યાં ન અડે કો' વિશેષણ !

દૃશ્ય ને જ્ઞેય બે રૂપે જગત છે અને આત્મા જ્ઞાતા ને દૃષ્ટા બે રૂપે છે.

**પ્રશ્નકર્તા :** આત્મા જ્ઞાતાદૃષ્ટા છે અને સ્વ-પર પ્રકાશક છે. જયારે પોતે પૂર્ણ આત્મ સ્વભાવમાં આવી જાય ત્યાર પછી એને આ બધું બહારનું દૃશ્ય જોવાનું રહેતું જ નથી.

પોતાના આત્માનું જ જોયા કરે.

**દાદાશ્રી :** ના, સ્વ-પર પ્રકાશક છે તે વ્યવહાર આત્મા થાય છે. મૂળ આત્મા પોતે સ્વનો ય નથી ને પરનો ય નથી, સંપૂર્ણ પ્રકાશક છે. એને કોઈ વિશેષણ જ નથી. આ બધાં જેટલાં વિશેષણ છે તે વ્યવહાર આત્માના છે. નિર્વિશેષ છે. જેને વિશેષણ જ કોઈ ના હોય. મૂળ આત્મા, ભગવાનને વિશેષણ હોય ત્યાં પછી તો, વિશેષણ જતું રહે તો પછી ભગવાન શું રહ્યા ? વિશેષણનો સ્વભાવ એવો કે થોડા વખત પછી જતો રહે.

### આપ્યો એવો મૂળ આત્મા !

**પ્રશ્નકર્તા :** મૂળ આત્માને કેવી રીતે પકડાય ?

**દાદાશ્રી :** કેમ ? પકડાઈ ગયો ને ? નકશામાં તમે જોઈ લીધું કે મુંબઈ અહીં આગળ છે, પછી આ વિરાર, પછી આ પાલઘર, પછી આ વલસાડ તમે જોયું, તમારી ગાડી સૂરત આવી એટલે તમે કહો કે આટલું આટલું બાકી છે એટલે તમે મૂળ આત્માને પહોંચો. બીજા સ્ટેશનમાં પણ નામ તો કહેવા પડે ને ? તે ઘડીયે આત્માનાં નામ નહિ.

**પ્રશ્નકર્તા :** તો પછી મૂળ આત્માનું તો કેવળ જ્ઞાતા દૃષ્ટાને પરમાનંદ એટલું જ રહ્યું ને ? બીજું કશું જ ના રહ્યું ને ?

**દાદાશ્રી :** એય નથી રહ્યું. એ તો આપણે એમ જવાબ આપીએ છીએ. બાકી એ તો પરમાત્મા જ છે, બીજું કશું છે જ નહિ. આત્મા નિર્વિશેષ છે. જેને વિશેષણ હોય ને તે વિશેષણ ઓગળી જાય તો પછી શું રહી ગયું ? વિશેષણ તો દહાડે દહાડે ઓગળ્યા જ કરે. તે પાછા હતા તેના તે જ જગ્યાએ આવીને ઊભા રહે.

### ત્યાં સુધી આ બધી કલ્પના !!

**પ્રશ્નકર્તા :** તો તો પૂર્ણ શૂન્ય થઈ ગયો ત્યાં !

**દાદાશ્રી :** ના. શૂન્યે ય નહિ. શબ્દ જ નહિ ત્યાં ! જ્યાં સુધી શબ્દ છે ત્યાં સુધી કલ્પના છે. પછી નિર્વિકલ્પે ય કલ્પના છે ને વિકલ્પે ય કલ્પના છે, એટલે શબ્દ છે ત્યાં સુધી કલ્પના છે.

**પ્રશ્નકર્તા :** તો શું છે ત્યાં ?

**દાદાશ્રી :** શબ્દાતીત. ત્યાં કશું પહોંચે નહિ. મૂળ આત્મા, શુદ્ધાત્મા એ નામ આરોપણ કર્યું છે, આને ઓળખવા માટે કે આ શું ને આ શું, એમ ભાગ પાડવા માટે.

**પ્રશ્નકર્તા :** તો છેવટે આ બધું શું છે ?

**દાદાશ્રી :** પરમાત્મા છે !

**પ્રશ્નકર્તા :** પ્રકાશ નહિ, આનંદ નહિ, આ બધું બાજુએ મૂકી દો તો પછી એ શું છે ?

**દાદાશ્રી :** અત્યારે આ શબ્દો તમારે સમજવા માટે નહિ, જાણવા માટે કહું છું. એ તો જ્યારે તમે એ જગ્યાએ જશો ને ત્યારે તમે જાણી જશો. અત્યારે આરોપણ કરશો તો મૂરખ બનશો. અત્યારે આરોપણ કરશો તો અવળે રસ્તે જતા રહેશો. અત્યારે તો તમારે કહેવું કે જ્ઞાતા, દૃષ્ટા, પરમાનંદી આત્મા છે. ઉપયોગમય આત્મા છે. એ બધું અત્યારે એમ બોલવાનું. આપણે સુરતના સ્ટેશને હોઈએ ને પછી 'મુંબઈના સ્ટેશને છીએ' કરીને ઊતરી જઈએ તો શું થાય ? અત્યારે તો આત્મા જ્ઞાતાદૃષ્ટા ને પરમાનંદી છે. આ તો તમને જાણવા માટે કહું છું કે મૂળ હકીકત શું છે તે....

**પ્રશ્નકર્તા :** આત્માને નિર્વિશેષ કહો છો તો તે ય એનું વિશેષણ થયું કે નહીં ?

**દાદાશ્રી :** ના, એ ય આપણે સમજવા માટે. એના માટે વિશેષણ તો શબ્દથી જયાં સુધી પહોંચાય ત્યાં સુધી રૂપકના દાટા માર માર કર્યા, આ લોકોએ ! પણ તો ય આગળ રૂપક રહે. તે ક્યાં સુધી દાટા માર માર કરે ?

**સંસારમાં ન ચેતનની ક્રિયા કોઈ !**

**પ્રશ્નકર્તા :** ભરત ચક્રવર્તીને શુદ્ધાત્માનું જ્ઞાન હતું. ત્યાર પછી લઢાઈઓ લઢયા, ૧૬૦૦૦ રાણીઓ હતી, આ બધું હતું તો ય એ એ ભવે જ મોક્ષે ગયા ! એ કેમ ?

**દાદાશ્રી :** એ છે તે ચેતનમાં રહેતા હતા. વ્યવહાર આત્મામાં એ રહેતા ન હતા. એ ક્યાં રહે છે એ જોવાનું.

**પ્રશ્નકર્તા :** લઢાઈમાં કાપે તો ય ચેતનમાં રહેતા હતા ?

**દાદાશ્રી :** હા, તો ય એ ચેતનમાં રહેતા હતા. આ બધા પોતે ચેતનમાં રહીને જ બધું કરે છે. ને આ બધા પૂતળા મારંમાર કરે છે. પોતે તેમાં રહેતા નથી.

**પ્રશ્નકર્તા :** તો પછી જ્ઞાતાદૃષ્ટા ક્યાં રહ્યું ?

**દાદાશ્રી :** કેમ ? આ લઢાઈમાં આત્મા હોતો જ નથી, ચેતન હોતું જ નથી. જે લઢાઈ છે તેમાં ચેતન હોતું જ નથી. આ સંસારમાં ય ચેતન બિલકુલ છે નહિ. પણ આ ભગવાને શા માટે કહ્યું કે હિંસા ના કરશો ? કારણ કે આખું જગત પોતે આનો માલિક થઈ બેઠો છે. એવી માન્યતા છે એમની કે હું છું. એટલે પાપ લાગે. ખરી રીતે આત્મા લઢતો ય નથી ને મારતો ય નથી. ને કપાતો ય નથી. એટલે લઢાઈઓ લઢે તો ય એમની દૃષ્ટિ જ ત્યાં આગળ ભગવાનમાં હોય.

**પુદ્‌ગલ પ્રસવધર્મી !**

આ તો પુદ્‌ગલ એવા ધર્મવાળુ છે, એ પ્રસવધર્મી છે. આ બધુ જગતમાં જે દેખાય છે ને, તે બધી વસ્તુ પ્રસવધર્મી છે. એટલે આપણે અહીં આગળ બેઠા હોય ને અને જો કોઈક માણસે આજુબાજુ અરિસા ગોઠવ્યા હોય તો આપણે એક લાફો માર્યો હોય તો કેટલાય અરિસામાં એ બધુ દેખાય છતાં આપણે તો એક જ જગ્યાએ છીએ. એટલે આ બધુ પ્રસવધર્મી છે.

આ પુદ્‌ગલનો સ્વભાવ જ પ્રસવધર્મી છે. એનું મૂળ કારણ શું ? ત્યારે કહે, 'સ્પંદન '! સ્પંદનથી અવાજ થાય છે અને અવાજથી આ બધું ઉભું થઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** એ જ શબ્દો પાછા મળે.

**દાદાશ્રી :** થોડીવાર પછીને ? એટલે એ પણ કહેશે કે, તું ચોર છે. તે આપણે આ અનુભવ કરી જોયો કે આપણે આપીએ તેવું આ પાછું આપે છે ! માટે આ તો સારું કહેવાય. કે જેવું આપણે આપીએ છીએ તેવું એ આપે છે. ને તો આપણે પાંસરા થઈ જવું જોઈએને ? 'તું રાજા છે કહેવું ત્યારે એ કહેશે, 'તું રાજા છે.' એટલે આપણને ગમતું હોય તે કહેવું. આપણે જે આપીએ એવું જ પાછું આપશે. ત્યાંથી જ ના સમજીએ કે આને રાજા કહો તો એ ય આપણને રાજા કહેશે તો પછી આપણે ખુશ.

એટલે આ બધું સ્પંદન સ્વરૂપ છે. વાવનો દાખલો તો તમને સમજવા માટે આપું છું. બાકી જગત સ્પંદન સ્વરૂપ છે. માટે બગાડશો નહીં જગતને ! ને બગડેલાને સુધારો. અત્યાર સુધી બગડી ગયુ છે, તે હવે સુધારો !

### સ્પંદનનું ઉદ્ભવ સ્થાન !

**પ્રશ્નકર્તા :** આ સ્પંદન કેમ થાય છે ?

**દાદાશ્રી :** સ્પંદન તો એવું છેને, ચંચળમાં પોતે તન્મયાકાર થાય છે તેથી સ્પંદન થાય છે.

**પ્રશ્નકર્તા :** તો ચંચળ અને તન્મયાકાર થનાર 'વ્યક્તિ વિશેષ' એ બન્ને જુદાં છે ?

**દાદાશ્રી :** હા, તન્મયાકાર થનાર એ સ્વભાવનો અચળ છે અને આ ચંચળ છે, એ સચર છે. આ ચંદુભાઈ એ સચર છે અને તમે પોતે મૂળ સ્વરૂપે અચળ છો અને જેઆ વચ્ચે તન્મયાકાર થાય છે. એ તમારી રોંગ બીલિફ છે, ઇગોઈઝમ છે.

### નોખું અસ્તિત્વ, પુરુષનું - પ્રકૃતિનું !

**પ્રશ્નકર્તા :** પ્રશ્ન મારો એવો છે કે પ્રકૃતિ અને પુરુષ, ચંચળતા અને શિવ એ બે વસ્તુ જુદી છે ?

**દાદાશ્રી :** હા જુદી છે. જે પુરુષ છે એ કાયમને માટે અચળ જ છે અને અત્યારે પણ અચળ છે અને આ પ્રકૃતિ છે એ સચર છે. એટલે સચરાચર જગત કહ્યું. પ્રકૃતિએ મિકેનિકલ છે એવું તમને લાગે છે.

**પ્રશ્નકર્તા :** પ્રકૃતિ મિકેનિકલ જ છે.

**દાદાશ્રી :** માટે એ ચંચળ કહ્યું અને પ્રકૃતિનું આ મિકેનિકલપણું કોઈ દહાડો ય છૂટે નહીં. પણ તમારી જે રોંગ બિલીફ છે અને રોંગ બિલીફથી પ્રકૃતિમાં હું પણાનો આરોપ થયો છે, કે 'હું આ છું, ચંદુલાલ તે જ હું છું' જે તમે નથી, ત્યાં હું છું એવો આરોપ કરવામાં આવ્યો છે એનાથી જગત ઉભું રહ્યું છે.

**પ્રશ્નકર્તા :** જો પ્રકૃતિ ચંચળ છે, મિકેનિકલ છે તો પછી પ્રકૃતિ એ નાશવંત હોવી જોઈએ ?

**દાદાશ્રી :** પ્રકૃતિ નાશવંત જ છે અને એ ક્ષણેક્ષણે વિનાશી છે. આ માણસ જન્મે છે ને ત્યારે બધી પ્રકૃતિ લઈને આવે છે. હવે જન્મે છે ને ત્યાંથી જ બોર્ડ વાંચે છે કે, 'વે ટુ સ્મશાન'. હવે તારે જેટલું દોડવું હોય તેટલું દોડ. રાતે દોડ, દહાડે દોડ પણ નિરંતર તું સ્મશાન ભણી જ જઈ રહ્યો છે. તું પચાસ, સાંઠ, સીત્તેર વર્ષે પણ સ્મશાનમાં જ જવાનો છે, એ નક્કી છે. માટે જેટલી સ્પીડ કરવી હોય એટલી કરજે. રસ્તામાં તારે શાદીઓ કરવી હોય તો શાદી કરજે ને ભજિયાં ખાવા હોય તો ભજિયાં ખાજે પણ વે ટુ સ્મશાન છે. તું સ્મશાન તરફ જ જઈ રહ્યો છે.

એટલે આ પ્રકૃતિ વિનાશી જ છે. ક્ષણે ક્ષણે આયોજન થઈ રહ્યું છે ને ક્ષણે ક્ષણે વિનાશ થઈ રહ્યો છે !

**પ્રશ્નકર્તા :** તો તો પુરુષ અને પ્રકૃતિ બેઉનું અસ્તિત્વ માનવુ પડશે.

**દાદાશ્રી :** હા અસ્તિત્વ છે જ. પણ પ્રકૃતિનું અસ્તિત્વ રીલેટિવ છે અને વિનાશી છે જયારે પેલું પુરુષનું અસ્તિત્વ રીયલ છે અને અવિનાશી છે.

### પ્રકૃતિ કોના આધારે ?

**પ્રશ્નકર્તા :** તો પ્રકૃતિનું અસ્તિત્વ કોઈના ઉપર ડીપેન્ડેડ છે ?

**દાદાશ્રી :** એવું કોઈના ઉપર ડીપેન્ડેડ નથી. પણ એ રીલેટિવ છે.

**પ્રશ્નકર્તા :** રીલેટિવ એટલે કોનાં કોનાં આધારે પ્રકૃતિનું અસ્તિત્વ છે ?

**દાદાશ્રી :** એવું છે ને મહીં અંદર બધા બહુ જાતના આધાર છે, એક બે આધાર નથી,

અનંત આધાર છે બધા. એટલે પ્રકૃતિ એ સામસામી આધારે કરીને બનેલી છે. વાયુના આધારે પિત્ત રહેલું છે ને પિત્તના આધારે કફ રહેલો છે. કફના આધારે આમ રહેલું છે. હાડકાના આધારે આ શરીર રહેલું છે અને શરીરના આધારે આ હાડકા રહેલાં છે. એટલે જાતજાતનું આ આધારી સંબંધ છે અને એને બહારેય આધાર છે. પણ બહારનાં જોડે એને લેવા દેવા નથી પણ એ તો ભ્રાંતિથી એમ માને છે કે મારે આ સંબંધ છે.

### 'જ્ઞાન' , સ્વભાવમાં, વિભાવમાં !

**પ્રશ્નકર્તા :** આ પ્રકૃતિ અને પુરુષ, બેઉ એક બીજા જોડે સંકળાયેલાં છે, એમાં પુરુષને મુક્ત થવાનું છે, તો એ કેવી રીતે મુક્ત થાય ?

**દાદાશ્રી :** પુરુષ અને પ્રકૃતિ સંકળાયેલા નથી. બે સામિપ્ય ભાવમાં છે અને આ સામિપ્યભાવમાં હોવાથી પોતાના 'જ્ઞાન'માં એને વિભ્રમતા ઉત્પન્ન થાય છે કારણ કે પુરુષ જ્ઞાનમય છે તે એને વિભ્રમતા ઉત્પન્ન થાય છે કે 'આ કોણ કર્યું?' પછી 'મેં કર્યું' કહેશે અને ખરેખર આ બધ્ધુ ય પ્રકૃતિ કરે છે. બાકી ''જ્ઞાન'' બદલાય છે એટલે પ્રકૃતિ ઉત્પન્ન થાય છે અને જ્ઞાન સ્વભાવમાં આવી જાય એટલે પ્રકૃતિ નાશ થઈ જાય. અત્યારે આ જ્ઞાન વિશેષભાવમાં છે અને એ સ્વભાવમાં આવી જાય તો પ્રકૃતિ નાશ થઈ જાય.

### પ્રકૃતિનો કર્તા કોણ ?

**પ્રશ્નકર્તા :** પ્રકૃતિ જડ છે તો તેને કર્તૃત્વ શક્તિ કોણ આપે છે ?

**દાદાશ્રી :** ના, આ પ્રકૃતિ એ તદ્દન જડ નથી. એ નિશ્ચેતન-ચેતન છે અને નિશ્ચેતન-ચેતન એ કંઈ અચેતન નથી.

**પ્રશ્નકર્તા :** એને નિરંતર બદલાતી કહી શકાય ?

**દાદાશ્રી :** એ તો બદલાયા કરે છે, પણ આ પ્રકૃતિ એ નિશ્ચેતન ચેતન છે.

**પ્રશ્નકર્તા :** નિશ્ચેતન-ચેતન એટલે કઈ શક્તિ કહી શકાય ?

**દાદાશ્રી :** નિશ્ચેતન - ચેતન એટલે ડિસ્ચાર્જ ચેતન છે. કોઈ પણ વસ્તુ ''આપણે'' ચાર્જ કરી હોય તો પછી ડિસ્ચાર્જ એની મેળે થાય કે ના થાય ? એમાં ''આપણે'' કશું કરવું પડે ? એટલે આ બધું ડિસ્ચાર્જ છે, ઇફેક્ટિવ છે અને ઇફેક્ટિવ શક્તિને હું નિશ્ચેતન - ચેતન કહું છું. ઇફેક્ટિવમાં ચેતન હોય નહીં અને છતાં એ ચેતન જેવું દેખાય. ચેતન નહીં હોવા છતાં ચેતન જેવું દેખાય એટલે નિશ્ચેતન - ચેતન કહું છું.

### સ્વરૂપ જ્ઞાન પછી ચાર્જ બંધ !!

**પ્રશ્નકર્તા :** પ્રકૃતિને કોઈ ચાર્જ કરે છે ? ને ચાર્જ કરતું હોય તો તે બંધનમાં આવેલો ગણાય.

**દાદાશ્રી :** તમે આ ચંદુભાઈ માનો છો એ જ ચાર્જ કરે છે. અને પછી ચંદુભાઈ જ બંધનમાં આવ્યા છે. આ જ્ઞાન મળી જાય, સ્વરૂપનું ભાન થઈ જાય, તો પછી ''તમે'' ચાર્જ કરતા બંધ થઈ ગયા. એટલે પછી એકલું ડિસ્ચાર્જ હોય. તે ડિસ્ચાજ તો બંધ કરી શકાય નહીં. આપને સમજાયું ને. ઇફેકિટવ હોય તો એ ઇફેક્ટ તો કોઈ બંધ કરી શકે નહીં. નવું ખાવાનું વખતે બંધ કરી દે, પણ ખાધું તેનું શું થાય ? સંડાસ ગયા વગર ચાલે ? એટલે આ 'જ્ઞાન' જેને

આપેલું છે, એ બધાનું ચાર્જ બંધ થઈ ગયું છે.

### કાયમ નિજ-રમણતા

અહીં વ્યવહાર કેવો ? નિરંતર આજ્ઞામાં જ રહેવાનું. બધાં માણસો નિરંતર અમારી આજ્ઞામાં જ રહે. એમાંથી થોડાં ઘણાં કાચા પડી જાય. પણ ત્યારે એમને 'દાદા' નિરંતર યાદ રહ્યા કરે તો ય બહુ થઈ ગયું ને ! નિરંતર 'દાદા' યાદ રહે પછી શું બાકી રહ્યું ! અમે પાંચ આજ્ઞા આપીએ છીએ એ પાંચ આજ્ઞામાં જ નિરંતર રહે અને પોતાના સ્વરૂપના ભાનમાં ! એટલે નિરંતર નિજરમણતા થઈ, પરરમણતા ખસી ગઈ. અનાદિકાળથી પરરમણતા હતી પણ તેને બદલે નિજરમણતા થઈ ગઈ. એનું નામ અક્રમવિજ્ઞાન.

**પ્રશ્નકર્તા :** ઉપયોગ આખો ફરી ગયો.

**દાદાશ્રી :** હા, ફરી ગયો, ઉપયોગ શુદ્ધ થયો. શુભ ઉપયોગ હતો તેને બદલે શુદ્ધ ઉપયોગ થઈ ગયો.

### એવું આ અક્રમ વિજ્ઞાન

આ તો અક્રમ વિજ્ઞાન છે, કલાકમાં મોક્ષ આપે એવું છે. અમારા કહ્યા પ્રમાણે ચાલે તે બધાને અહીં જ મોક્ષ રહે. ક્રોધ-માન-માયા-લોભે ય ના થાય, કશું થાય નહીં. પછી કશું જોઈએ ખરું ? સોળેય પ્રકારનાં ક્રોધ-માન-માયા-લોભ થાય નહીં.

એટલે આ અક્રમ વિજ્ઞાન તરત મુક્તિ આપે એવું છે. આ વ્યવહારિક માર્ગ ન્હોય. આ સંસારમાં ચાલતો ક્રમિકમાર્ગ એ ન્હોય. આ તો અક્રમમાર્ગ છે. લિફ્ટમાર્ગ છે.

**જય સચ્ચિદાનંદ**

## વિદેશ સત્સંગ યાત્રા-૧૯૯૫

પૂ. ડૉ. નીરુબેન અમીન તથા શ્રી દિપકભાઈ દેસાઈની સત્સંગ અર્થે વિદેશ યાત્રા તા. ૨૯મી માર્ચ તથા તા. ૨૨મી માર્ચથી શરૂ થઈ. પહેલાં લંડન પહોચ્યા. ત્યાં વિવિધ હોલમાં તથા ઘરોમાં સત્સંગ થયો, જ્ઞાનવિધિઓ થઈ. પોતાનું શુદ્ધાત્મા સ્વરૂપનું લક્ષ જ્ઞાનવિધિ પછી સહેજે બેસી જાય છે. દાદાની તથા સીમંધર સ્વામીની રાતદિવસની ભક્તિમાં લાગી જાય છે ને પરિણામ સ્વરૂપે સંસાર પ્રત્યે નિર્લેપતા વધતી જાય છે. તા. ૧૫-૧૬ એપ્રિલ લંડનમાં બે દિવસની શિબિર થઈ. વિવિધ પ્રશ્નો થયા, સામયિક થઈ અને ભક્તિ થઈ.

યુ.એસ.એ.નો પ્રવાસ ન્યૂયોર્કથી ચાલુ થયો. સીમંધર સ્વામી ભગવાનની એક અલૌકિક પ્રાણપ્રતિષ્ઠાનો અનુભવ ત્યાંના મહાત્માઓએ કર્યો. પ્રાણપ્રતિષ્ઠા પછી ભગવાનની આંખ, ભાવ, હાસ્ય જોઈને હૃદય એક પળ માટે થંભી ગયું. મહાત્માઓના ભાવ પુરાવાથી જે એક પથ્થરની મૂર્તિ હતી તે હસતા બોલતા મોહક ચિત્ત હરી લે તેવા ભગવાન થઈ ગયા ને પછી તો ઘરના એક સભ્ય જેવા જ લાગે. યુ.એસ.એ.માં છ શિબિરનું આયોજન થયું. Houston, Chicago, Kansas, Toronto, Lowell તથા Atlanta માં શિબિર થઈ. આજુબાજુના ગામના મહાત્માઓને તથા

પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા,
તીર્થંકર ભગવાન **શ્રી સીમંધર સ્વામી** ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરુ છું.
પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા,
તીર્થંકર ભગવાન **શ્રી સીમંધર સ્વામી** ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરુ છું.



ગામના મહાત્માઓને જોડે જ ત્રણ-ચાર દિવસ રહીને ચોથા આરાનો અનુભવ થતો હતો.

દરરોજ બે સામાયિક થતી. નવી રીતે ‘આજ્ઞા’ની સામાયિક બધાએ કરી. શુદ્ધાત્મા જોવાની સામાયિકમાં નાનપણથી જે જે ફાઈલ મળી હોય તેનું શુદ્ધાત્મા સ્વરૂપ અને Relative સ્વરૂપ જૂદુ જોવું. દરેક ફાઈલ માટે કંઈ ને કંઈ અભિપ્રાય બુદ્ધિએ પાડયો જ હોય છે. ખરેખર એક જ અભિપ્રાય રાખવા જેવો છે કે શુદ્ધાત્મા જ છે. સામાયિકમાં જે File આવે તો એના શુદ્ધાત્મા જુદા દેખાય ને એમના ખોખા માટે જે અભિપ્રાય પડેલો હોય તે ય પણ જૂદો દેખાય. File No. ten, કાકા બહુ ક્રોધી છે તે અભિપ્રાય જૂદો દેખાય ને મહી શુદ્ધાત્મા નોખા છે, Pure છે ને મારું ને એમનું સ્વરૂપ અભેદ છે તે પણ દેખાય. આ સામાયિક પછી બધા મહાત્માને અનુભવ થયો કે પહેલા જે શુદ્ધાત્મા જોવા પડતા હતા તે હવે સહેજે દેખાય છે. તરત જ મહીં હાજર થઈ જાય કે શુદ્ધાત્મા જ છે. જૂની ઘણી File સાથે હિસાબ ચોખ્ખા થયા ને અભેદતા લાગી.

એવી જ રીતે વ્યવસ્થિતની આજ્ઞાની સામાયિકમાં પોતે કર્તા થાય તો આજ્ઞા ચૂકે છે ને બીજાને કર્તા માને તો પણ આજ્ઞા ચૂકે છે. File ના ગમતું કરે એટલે તરત જ એને કર્તા માની લેવાય ને અભિપ્રાય બેસી જાય, દોષિત દેખાય અને શુદ્ધાત્મા ના દેખાય એમ Vicioces Circle ચાલુ થઈ જાય અને વ્યવસ્થિત કર્તા છે, એ પોતે શુદ્ધાત્મા છે અને relative માં એ નિર્દોષ છે. એમ સામાયિકમાં સમજાયું-જોયું. બધે જ્ઞાનવિધિઓ પણ થઈ. જે મહાત્માઓએ જ્ઞાન લીધું હોય તેમને જ્ઞાનવિધિ કેવી રીતે ઊપયોગપૂર્વક બોલવું તે સમજાયું. ઘણાં મહાત્માને ત્યાં સીમંધર સ્વામીના પધરામણા થયા. આવી શિબિરમાં Continuous સત્સંગ મળવાથી, જોડે ને જોડે રહેવાથી, સામાયિકથી, સ્વરૂપનો અનુભવ વધતો જાય છે ને એક વાર અનુભવ ચાખવાથી પછી વિપરીત સંજોગોમાં, હલી જવાય એવા સંજોગોમાં પણ સ્થિરતા રહે છે.

પાછું એક વીક માટે લંડન જવાનું થયું. ત્યાં ગુરૂપૂર્ણિમાના આગલા શનિ-રવિ એટલે કે ૯ અને ૧૦ જૂલાઈ હોલમાં મહાત્માઓએ ગુરૂપૂર્ણિમા ઊજવી. સવારના ભાગમાં ભક્તિ અને સીમંધર સ્વામીની પ્રતિષ્ઠા થઈ. પછી સત્સંગ-સામાયિક ને બીજે દિવસે જ્ઞાનવિધિ થઈ. દાદાની હાજરી વર્તાઈને જાણે બધા ઊપર ફૂલોનો વરસાદ કરતા લાગ્યા. પાછા USAમાં ગુરૂપૂર્ણિમા માટે પહોંચી ગયા. પછી એ જ દિવસે એટલે કે ૧૨મી જૂલાઈ બપોર પછી શિબિર ચાલુ થઈ. ૨૦૦ મહાત્માઓ ભેગા થયા હતા. ૫૦-૬૦ Kids પણ આવેલા. Kids સાથે જૂદો સત્સંગ સમાંતારે ચાલ્યા કર્યો. બાળકો ૧૦-૧૦ મિનીટની જૂદા જૂદા વિષયો ઊપર દરરોજ

પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા,
તીર્થંકર ભગવાન **શ્રી સીમંધર સ્વામી** ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરુ છું.
પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા,
તીર્થંકર ભગવાન **શ્રી સીમંધર સ્વામી** ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરુ છું.

સામાયિક કરતા.

દાદાની વાણીના નવા પ્રકાશનો માટે પડાપડી થઈ. 'પતિ-પત્નીનો વ્યવહાર' કે જે ખૂબ જ નાજુક છે, ચીકણા ઋણાનુબંધવાળો છે, જયાં એકબીજા માટે સૌથી વધારે રાગ છે ને દ્વેષ પણ છે તે સમભાવે ઉકેલવા માટે નવું પ્રકાશન - 'પતિ-પત્નીનો વ્યવહાર' (બે ભાગ) ખુબ જ ઉપયોગી થઈ પડયું છે. દાદાના હીરાબા સાથેના અનુભવ, તેમની બોધકળાઓ, લોકોના જીવનનું Observation સુંદર રીતે સંકલિત થયું છે. જે Problem માટે આખી જીંદગી એકબીજા સાથે Difference રહેતો હતો તે દાદાશ્રીના સહેલાને સચોટ ઉપાય મળવાથી લાગે કે આટલુ સહેલું હતું પણ મને સૂઝયું નહી. પેટ પકડી પકડીને હસાવતા જાય ને રોગ કાઢતા જાય. 'હું કોણ છું' ની અંગ્રેજી આવૃત્તિ 'Who Am I ?' Kids ને દાદાના વિજ્ઞાનની યથાર્થ સમજ આપે છે. 'નિજ દોષ દર્શનથી.... નિર્દોષ' સૂક્ષ્મમાં સ્ટડી કરવા માટે છે. મહાત્મા કહે છે કે આ પુસ્તક આપ્તસૂત્રની જેમ Ready Reference થઈ જાય એવું છે. 'દાદા ભગવાનનું આત્મવિજ્ઞાન' જે નવા મુમુક્ષોને પ્રાથમિક સમજ આપે છે તે ઘણા નવા મહાત્મા બનાવવા માટે નિમિત બને છે. એક મહાત્મા કહે છે કે આ બુકનો ઉપર પ્લેનમાંથી વરસાદ વરસાવો. જે વાંચશે તેમનો મહીં જબરજસ્ત ઊઘાડ કરી આપશે. બીજા મહાત્મા કહે છે કે આ બુક એક લાખ નકલ મારા તરફથી છાપો. નવા પુસ્તકોથી ઘણા નવા મુમુક્ષો દાદાના માર્ગમાં આવ્યા છે અને જૂના મહાત્માને પણ દાદાની વિરાહગ્નિ થોડી શાંત કરે છે.

ભારત પાછા ફરતા લંડનમાં દસેક દિવસ રહ્યા. બે દિવસની Luton ગામમાં શિબિર હતી. શ્રી દિપકભાઈ Manchester, Bedford, Boulton, Preston, Miltion keyenes એમ England ના બીજા ગામોમાં જઈને દાદાઈ સત્સંગ કર્યો. ત્યાં લંડનમાં બે મહાત્માઓના મૃત્યુ વખતેની પરિણીતી જોઈને, સમાધિમરણ જોઈને લંડનનો જૈન સમાજ અચરજ પામી ગયો. મૃત્યુ સમયે છેલ્લી ઘડી સુધી 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું'ની અવિરત જાગૃતિમાં રહેતા રહેતા દેહ ત્યાગ કર્યો. શારિરીક પારાવાર વેદના, ભોગવટો હોવા છતાં આ વેદના શરીરને છે ને 'હું શુદ્ધાત્મા છું' અને એવી જાગૃતિ ઠેઠ સુધી રહી. ઘરના બધાને કહેતા જ હતા કે અમે મહાવિદેહે ક્ષેત્રે જવાના છીએ, સીમંધર સ્વામી પાસે. ઘરમાં પણ કોઈને દુઃખ-શોક નહોતો. બધાને શોક વખતે પણ જ્ઞાન હાજર રહ્યું ને સમતામાં સ્થિર રહ્યા.

આ વાતો સાંભળીને, પ્રત્યક્ષ જોઈને ઘણા લોકોને દાદાઈ વિજ્ઞાન સમજવાની, પામવાની ઉત્કંઠા જાગી.

**- જય સચ્ચિદાનંદ**

જ્ઞાની પુરુષ, 'એ. એમ. પટેલ' ની મહીં પ્રગટ થયેલાં
**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.**

જ્ઞાની પુરુષ, 'એ. એમ. પટેલ' ની મહીં પ્રગટ થયેલાં
**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.**

જ્ઞાની પુરુષ, 'એ. એમ. પટેલ' ની મહીં પ્રગટ થયેલાં
**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.**

જ્ઞાની પુરુષ, 'એ. એમ. પટેલ' ની મહીં પ્રગટ થયેલાં
**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.**



# આગામી સત્સંગ કાર્યક્રમો

**પર્યુષણ પર્વ :** ૨૩-૮-૯૫ થી ૩૦-૮-૯૫

**ડૉ. નીરુબહેન અમીન**
**સ્થળ :** રામમંદિર હોલ,
ચિત્રા સિનેમાની બાજુમાં,
દાદર, મુંબઈ.
**સમય :** સાંજે ૫-૩૦ થી ૯-૩૦

**શ્રી દિપકભાઈ દેસાઈ**
**સ્થળ :** ૧, વરૂણ એપાર્ટમેન્ટ,
૩૭, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા,
અમદાવાદ.
**સમય :** સવારે ૯-૩૦ થી ૧૨-૩૦
સાંજે ૫-૩૦ થી ૯-૩૦

**રાજકોટ ખાતે આપ્તપુત્ર શ્રી દિપકભાઈ દેસાઈનો સત્સંગ કાર્યક્રમ :** તા. ૮-૯-૯૫ થી ૧૦-૯-૯૫
**સંપર્ક :** રૂપેશ મહેતા, એ-૩, નંદનવન ફ્લેટ, તુલસી હોટલની સામે, રાજકોટ. ફોન : ૩૪૫૯૭

**દક્ષિણ ગુજરાતના સત્સંગ કાર્યક્રમો :** ૧૦-૯-૯૫ થી ૨૫-૯-૯૫

પૂ. ડૉ. નીરુબહેન અમીનનો સત્સંગ પ્રવાસ ઉમરગાંવ, ઉદવાડા, કિલ્લા પારડી, વલસાડ, સૂરત, ખાતે યોજવામાં આવશે.

**યુવાનોની શિબીર :** ૩૦-૯-૯૫ થી ૨-૧૦-૯૫

**સ્થળ :** ૧, વરૂણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૬૪૨૧૧૫૪
**નોંધ : ૧૫ થી ૩૦ વર્ષના યુવાનો માટે જ**

**સૌરાષ્ટ્રના સત્સંગ કાર્યક્રમો :** ૩-૧૦-૯૫ થી ૧૩-૧૦-૯૫

પૂ. ડૉ. નીરુબહેન અમીનનો સત્સંગ પ્રવાસ રાજકોટ, મોરબી તથા સૌરાષ્ટ્રના અન્ય ગામોમાં યોજવામાં આવશે.

**સૂરત શિબીર :** ૨૭-૧૦-૯૫ થી ૩૦-૧૦-૯૫

**સ્થળ :** મહાવિદેહ તીર્થધામ, કામરેજ ચાર રસ્તા, મુ. પો. નવાગામ, જિ. સુરત

**સમ્મેત શિખર યાત્રા પ્રવાસ :** ડિસેમ્બર-૯૫ના પ્રથમ સપ્તાહમાં

**નોંધ :** મર્યાદીત સંખ્યા લઈ જવામાં આવનાર હોવાથી વહેલા તે પહેલા ધોરણે અમદાવાદ વરૂણ એપાર્ટમેન્ટનો સંપર્ક સાધવો.

**અમદાવાદ શિબીર :** ૨૭-૧૨-૯૫ થી ૩૧-૧૨-૯૫

**સ્થળ :** ભાગવત વિદ્યાપીઠ, સોલા, અમદાવાદ.
**નોંધ :** લાલદરવાજાથી ૬૫ નંબરની બસ દર કલાકે સ્થળ ઉપર આવવા મળે છે.

**શિબીરમાં આવનાર મહાત્માઓએ અગાઉથી**
**અમદાવાદ ખાતે જણાવવા વિનંતી જેથી કરીને વ્યવસ્થા કરવાનું સરળ બને.**

જ્ઞાની પુરુષ, 'એ. એમ. પટેલ' ની મહીં પ્રગટ થયેલાં
**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.**

જ્ઞાની પુરુષ, 'એ. એમ. પટેલ' ની મહીં પ્રગટ થયેલાં
**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.**

જ્ઞાની પુરુષ, 'એ. એમ. પટેલ' ની મહીં પ્રગટ થયેલાં
**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.**

જ્ઞાની પુરુષ, 'એ. એમ. પટેલ' ની મહીં પ્રગટ થયેલાં
**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.**

## અંતરાય કર્મ

....ત્યારે દાદા આ શું હશે કે મિથ્યાત્વ જયાં સુધી હોય છે, જયાં સુધી મિથ્યાત્વ હોય છે ત્યાં સુધી બધુ અવળું અવળું દેખાય છે, અને જયારે સમ્યકત્વ થાય ચે ત્યારે તે જ વખતે જે અવળું દેખાતું હતુ તે જ સવળુ દેખાય છે.

દાદા એવું છે ને જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ. એની દ્રષ્ટિમાં હું છે કે હું ચંદુભાઈ છું, તો એ ચંદુભાઈ જેવી સૃષ્ટિ ઉભી થાય. હું આત્મા છું, તો આત્માની સૃષ્ટિ ઉભી થાય. એટલે જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ ચંદુભાઈએ મિથ્યાત્વ અને દ્રષ્ટિ મિથ્યાત્વી અવળુ જ કરે. આત્માના વિરૂદ્ધનું હોય બધું.

**પ્રશ્નકર્તા :** એ બધું આત્માના વિરૂદ્ધનું.

**દાદાશ્રી :** હા. એને પેલું હું શુદ્ધાત્મા, તો દેહના વિરૂદ્ધ કરે.

**પ્રશ્નકર્તા :** એ દેહના વિરૂદ્ધનું કરે

**દાદાશ્રી :** હા. એને આપણે જોઈએ છે પેલું આપણને દેહના વિરૂદ્ધ કરે તે તો સારું ઉલ્ટું આપણે. પણ લોકોને પેલું આવે છે હાથમાં. કયું આવે છે ? આત્માની વિરૂદ્ધનું લોકો.

**પ્રશ્નકર્તા :** પણ દાદા આપણી આપ્તવાણીમાં એક થોડું વર્ણન આવે છે કે આત્માર્થી જે થયો તેનું મેઈન પ્રોડકશન આત્માનું થયું એટલે બાય પ્રૉડક્ટ સંસાર તો બધો આપોઆપ ચાલ્યા જ કરે છે.

**દાદાશ્રી :** આ સંસાર તો બાય પ્રોડક્ટ જ છે. તમારું આ પ્રોડકશન કરતાં કરતાં જે પુણ્યે બંધાય છે, એ પુણ્યનું ફળ રૂપે તમને જે માંગો એ મલે. દરેક તમારી જરૂરિયાત સપ્લાય થાય. જો પુણ્ય વધારે હોય તો. આ પુણ્યનું બંધી પુણ્ય કહેવાય છે, આત્મા પ્રાપ્ત કરતાં કરતાં અને આણે પોતાની જાતે જે પુણ્ય બાંધેલા હોય છે. જપ, તપ કરીને બધું એ પાપનું બંધી પુણ્ય હોય છે. સમજપડીને ? તે પુણ્ય તો મલે બધું ; પાછું વિચારો પાપ ના ને પાપના, કયાંથી ભેળું કરું ને શું કરું ને, ભોગવાય નહીં સારી રીતે અને પુણ્યનું બધી પુણ્ય તો ભોગવે.

**પ્રશ્નકર્તા :** એટલે પુણ્યાનું બંધી પુણ્યથી બધા અંતરાયો જે પડતા હતા તે બધા ખસી જાય ! લાંભાંતરાય દાનાંતરાય, એવા બધા જે અંતરાયો પડતા હતા, જમવાની રસોઈ તૈયાર થઈ હોય ને છતાંય ખવાય નહીં.

**દાદાશ્રી :** ના એ નહીં. એ પુણ્ય જેટલું હોય ને, એટલું જ ફળ આપે. કંઈ ખસી જાય નહીં. એનામાં ખસેડવાનો ગુણ નથી, એનામાં ફળ આપવાનો ગુણ છે.

લાભાંતરાયને એ બધા ખસેડવાના ગુણ અંતરાય કર્મ નાહાથી જાય. એનામાં અંતરાય કર્મનો એ જે છે, તે કર્મ તોડવાથી, એના વિરોધી સ્વભાવથી એ બધા ચાલ્યા જાય. અંતરાય કર્મ જેનાથી ઉત્પન્ન થયા છે, તે દશા આપણી ન થાય, એટલે ચાલ્યા જાય.

અંતરાય કર્મ એટલે શું ? તમારો છોકરો કોઈ બ્રહ્મણોને જમાડતો હોય, તો તમે એને કહો, આમાં શું કાઢવાનું છે ? આ લોકોને શું કરવા જમાડું છું ?! એના કરતાં આ દાદાના આપ્તપુત્રોને જમાડને ! આ તમે પહેલાં પુણ્ય બાંધ્યુ, પણ અહીં મોટો અંતરાય બાંધ્યો.

કે તમારી થાળીમાં બેસશો તોય જમાશે નહીં ! હાથમાં ઓલું એ પણ જતું રહેશે. આ અંતરાય ! તમે જેટલા આંતરા પાડયા છે, એટલા જ અંતરાય તમારા.

લોકોને જે પ્રાપ્ત થતું હોય, તેમાં તમે આંતરો પાડો બુદ્ધિથી આ આમાં શું આપવા જેવું છે ?

કો'ક આપતો હોય તો આપણાથી ના બોલાય. બોલવું એ બુદ્ધિનું ડહાપણ છે ને, મારી નાખે આપણને. કો'ક આપતો હોય તેમાં શું કરવા વદે છે ?! મેં બુદ્ધિથી આવું જ કરેલું બધેય. આવું જ કરેલું એના અંતરાય પડતા હતા બધા.

છોકરો કપડાં બે વખત પહેર તો હોય, એને આપણે કહીએ, 'શું નકામું પૈસા બગાડું છું, જાણે કપડાં ધૂળધાણી કરી નાખું છું' એ અંતરાય પડયો બધો. આપણને નહીં મલે. આંતરો કોઈનામાં પાડશો નહીં.

**પ્રશ્નકર્તા :** પણ દાદા કેટલાક એવી ફરજો આવી પડે ત્યારે તો થોડો અંતરાય કરવો પડે ને ! કુટુંબની અંદર વડીલ હોય, એટલે ફરજીયાત કોઈ વખત બોલવું પડે.

**દાદાશ્રી :** એના પણ ફળ તો અવશ્ય મલે પણ પછી આપણે એને ધોઈ નાખવું જોઈએ કર્મ કરો પણ ધોવાનું હથિયાર હોય તો તરત ધોઈ નાખવું જોઈએ. ધોવાનું હથિયાર હોય છે જ. પેપરવાળાને ના કરવું પડે બધું ? પણ હથિયારવાળા તે ધોઈ નાખે જટ.

**પ્રશ્નકર્તા :** કેટલીક વખત હું એવી પરિસ્થિતિમાં મૂકાઉં છું, તો કહે છે, હું કહું છું કે આ હું કરું છું ખરો, પણ દાદા મને સાચવી લેજો.

**દાદાશ્રી :** એમની બધી જુદી વાત છે. જ્ઞાન આપ્યા સિવાયનું છે ને ! એટલે એમનું દાદા બહુ રક્ષણ કરે છે. નિરંતર રક્ષણ કરે છે, નિરંતર કારણ કે એ મેનેજર માણસ વગર જ્ઞાને નિરંતર રક્ષણ કરે છે. ત્યારે પહોંચી વળે નહીં તો આ રહેવાનું હશે ?! જ્ઞાન વગર રહેવું, એ કલાકના રહેવાય માણસથી !

**પ્રશ્નકર્તા :** સત્સંગના અંતરાય કેવી રીતના પડે છે મહાત્માઓને ? દાદાનો સત્સંગ ચાલતો જ હોય અને છતાંય ના આવી શકાતું હોય, એ અંતરાય કેવી રીતે પડે ?

**દાદાશ્રી :** ના આવી શકાતું હોય એ અંતરાય નહીં, એ અંતરાયનું ફળ છે. ના આવી શકાય. તે અંતરાય પહેલા પાડેલાનું ફળ છે એ તો ભેગવે જ છૂટકો ને !

**પ્રશ્નકર્તા :** એ અંતરાય કેવી રીતે પડેલા ?

**દાદાશ્રી :** આપણે જ પાડેલા રોજ રોજ જઈને શું કાઢવાનું છે !? હવે મહીં બે દહાડા ના ગયા તોય શું ? આ બધો અંતરાય પડયો !

**પ્રશ્નકર્તા :** દાદા ના સત્સંગમાં જો કોઈ આવતા હોય, એને કોઈ એમ કહે કે તમે દરરોજ શું કરવા ત્યાં જાવ છો ? દરરોજ શું કરવા ત્યાં જાવ છો એકને એક વાત સાંભળવા માટે ? તો પછી એને અંતરાય પડે ને ?

**દાદાશ્રી :** હા, તો પેલો અંતરાય પાડે છે. આ આંતર્યું એનું નામ એનું નામ અંતરાય. સીધી ગાંડી વાત જ કરો ને આપણે નાનો છોકરો સમજે એવી ! આંત્યું એનું નામ અંતરાય. હું કહું લોકોને, ભીખારીને કંઈ આપવા જેવું નથી, એટલે મારાથી અપાય જ નહીં પછી આપવું હોય તોય ના અપાય. આંતર્યું એનું નામ અંતરાય. ખાતા ખાતા કોઈને ઉઠાડી મેલ્યો, ઉઠ, તમે બીજી નાતના અહીં કેમ આવ્યા છો ! મોટો અંતરાય, જબરદસ્ત ! બીજી નાતના હોય ને ! પહેલાં લોકો ઉઠાડી મેલતા હતા, મેં જોયેલા બધા. આ લોકોએ કંઈ અંતરાય

પાડવાના બાકી રાખ્યા છે ? અને જો દુઃખી થયા છે, દુઃખી થયા છે ! અંતરાય, અંતરો પાડે પોતે જાણી જાઈને.

એક માણસ તો એની વાઈફને કહે છે, તે દહાડે કંટ્રોલ હતો, કંટ્રોલ ચોખા -બોખા મલે ઓછા કંટ્રોલમાં આટલો બધો થાળીમાં ભાત લે છે, કહે છે. હવે પેલી બિચારી શરીરે હોય તો ભાત ખાવા દેને બિચારી એને ભાખરી ઓછી ભાવતી હોય પેલા ભઈ રોજ કચ કચ કરે તે એક દહાડો બઈ મને કહે છે, રાજ હું ખઉં છું ને, જંપીને ખાવા નહીં દેતા કે પમ હું અલ્યા, મૂઆ કઈ જાતના આ તો અંતરાય કર્મ કહેવાય. આ ભાત તમને નહીં મલે. શું કરવા આમ કરો છો. કહ્યું જંપીને બેસોને નિરાંતે ! એને સમજણ નહીંને, એ જાણે કે આ તો આમ કરીએ એટલે સારું થઈ જશે. વખતે થાય માનો કે બીજે દહાડે ઓછું ખાય, પણ આંતરો તમારો પડશે ને !

**પ્રશ્નકર્તા :** પણ દાદા આ તો આવું ખબર નથી, એટલે આવા આંતરા બહુ પાડીએ છીએ. આવી ખબર નથી દાદા, આજે પહેલી વખત જાણ્યું, બાકી ડાયાબીટીસ હોય, તેને આપણે કહીએ કે ભઈ તમે જરા ભાત ઉપર જરા કંટ્રોલ કરો, ઓછો ખાવ.

**દાદાશ્રી :** એ તમને ખબર નથી એવું નહીં, આ બધાયને કોઈને ખબર નથી. એ જ્ઞાની પુરુષ એકલા જ જાણે. આ બધા શાસ્ત્રોમાં શબ્દો લખ્યા છે ને, એનો ખરો અર્થ જ્ઞાની પુરુષ એકલા જ જાણે, બીજા બધા વાતો કરે એટલી ! અંતરાય તે ? વોટ ઈઝ મિનિંગ (એનો અર્થ શું?) તમને એકલાને અંતરાય નહીં, બધા હેં એ તો મોટી મોટી, બડી બડી વાતો છે ખાલી. શાસ્ત્રોના મોટા મોટા શબ્દો આવે, પણ આપણે કહીએ કે આ શું ? ફોડ પાડી આલો, નાનો છોકરો સમજે એવું, ત્યારે કહે ના, એ ના આવડે. પોતે સમજે તો ફોડ પાડી આલે ! અને હું તો છોકરાને કહું કે અલ્યા એય, આટલું આલતા શું કામ આંતરું છું. તને નહીં મલે. એ અંતરાય કર્મ ! એનું નામ વિઘ્ન કર્મ, વિઘ્ન ઉભું કર્યું એટલે વિઘ્ન આપણને આવે. એને વિઘ્ન.

**પ્રશ્નકર્તા :** એટલે એવા સંજોગોમાં ખાલી દ્રષ્ટા જ્ઞાતા જ રહેવું ? આ દાખલા તરીકે ડાયાબીટીસ હોય અને છતાં આટલો બધો ભાત લીધો હોય, તો આપણે જ્ઞાતા દ્રષ્ટા થઈને જોયા કરવું ?

**દાદાશ્રી :** તો બીજું શું કરવાના હતા ?! અને નહીં તોય શું થાય ? એ ગમે તે કરતી હોય, આખું આ ઘીનો પાટીયો ઢોળીને ખાતી હોય, તો આપણે શું થાય ?! એ તો આપણી હાજરીમાં ખાય એટલે આપણને ચીઢ થાય છે ને ! હાજરીમાંય ગેરહાજરી માનવી આપણી જાતને હું છું નહીં એવું માનવું. આપણે ના હોઈએ તો એવું જ કરે ને ! એ તો આપણે છીએ તેનું ઝેર ને, એ ઝેર ઉડાડી દઈએ. દીઠાનું ઝેર આ તો !

**પ્રશ્નકર્તા :** આ ફોડ જે આજે પડયો, તો ઘણાના સોલ્યુશન નીકળી જશે આમાં. બધા અંતરાય જ કર્યા કરીએ છીએ.

**દાદાશ્રી :** હા, તમારું ત્રીજું વર્ષ પૂરું થયુંને આ ! ત્રીજું વર્ષ પૂરું થયું તે ભેટ. આ ભેટ મલી.

**પ્રશ્નકર્તા :** સામાનું જો હિત આપણને એમ દેખાતું હોય કે આનાથી એનું અહિત થાય છે, તો પછી એ વસ્તુ માટે તો આપણને ના કહેવી જોઈએ ને ?

**દાદાશ્રી :** ખાવા-પીવામાં અહિત થાય છે તે ?

**પ્રશ્નકર્તા :** ખાવા-પીવામાં. અમુક વસ્તુ ખાવાથી.

**દાદાશ્રી :** આપણે ના કહેવાની જરૂર નહીં, આપણે એને આ વિગત સમજાવાની જરૂર કે ભઈ આમ કરવાથી શરીરને આમ નુકસાન થાય, આમ થાય તેમ થાય. આ હૈડ નહીં ખાવાનું. એવું નહીં. પોલીસ એકશન નહીં લેવાનો. વિગતથી સમજાવીને કહેવું કે ભઈ આનું ફ્લ આવું આવે. વાંધો શો છે !?

**પ્રશ્નકર્તા :** પણ આવા સંજોગો બધા બહુ ઉભા થાય. આવા સંજોગો ડગલેને પગલે બને.

**દાદાશ્રી :** એ જ કહ્યુંને આ. આ સામાન્ય જ્ઞાન બહાર હોય નહીં. એટલે હું કહું છું ને, બધા કંઈક વાતચીત કરો, તો આ સામાન્ય જ્ઞાન નીકળે. તમે અંતરાય કહ્યું તેના ઉપર કેટલી વાત નીકળી ! એટલા સારું પૂછો, કંઈક વાતચીત કરો.

**પ્રશ્નકર્તા :** આ જે અંતરાય છે તેની અંદર કેટલાક છે તે પોઝીટીવ અંતરાય હોય ને કેટલાક નગિટીવ હોય, કોઈને આપણે જમવા માટે વદારે દબાણ કરીએ, જમવા માટે એણે પ્રમાણ સર લીધું, આપણે કહીએ કે ના બરોબર છે, તુ વધારે જરા લે. એને પ્રમાણ કરીને એને આગ્રહ કરીને વધારે કરીએ, દબાણ કરીને વધારે ખવડાવીએ તો એ અંતરાય ખરો ?

**દાદાશ્રી :** તો અંતરાય તૂટયો. જમવામાંથી ઉઠાડી મેલ્યો તો અંતરાય બાંધ્યો ? એક ફક્ત મરી જવામાં લોકો અંતરાય ઓછા પાડે છે. કો'ક જાય એવો હોય, તો એ જાય તો સારું એવું ના બોલે. એ અંતરાય નહીં પાડતો અને કેટલાક માણસ તો બચે તો સારું, તે એ પોતે અંતરાયની વિરૂદ્ધ ચાલે એટલે પોતે બચશે. આ તો ન્યાય છે, જગત એટલે ન્યાય સ્વરૂપ છે આ. તારા જ એક્શન ને તારી જ વાત, તારી સમજણ ને તારે એનાથી ચાલશે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા જગત ન્યાય સ્વરૂપ છે એ વાત બરોબર બેસી છે પણ આવા દ્રષ્ટાંતોથી વધારે એનો ફોડ પડ છે.

**દાદાશ્રી :** ફોડ પડે. વિગત સમજેને તો ફોડ પડી જાય.

**પ્રશ્નકર્તા :** ઘણી વખત એવું બને છે કે માણસ બહુરિવાતો હોય, તો કેટલીક વખત કોઈ એમ કહે છે કે ભઈ મારી અગિયારસનું પુણ્ય હું એને આપું છું ને જો એનો છૂટકારો થાય તો ! એવું ગામડામાં કહે છે ઘણી વખત બને છે તો એ ત્યાં શું કહેવાય ?

**દાદાશ્રી :** તે નિમિત્ત છે. નૈમિત્તિક બને ખરું, ન પણ બને. સાયંટિફિક નથી, નિમિત્ત છે. સાયંટિફિક લો નથી એવો, કે આમ થાય તો થાય.

**પ્રશ્નકર્તા :** પણ આવું કહેવાથી એને કોઈ અંતરાય પડે ?

**દાદાશ્રી :** ના, ના. એને શું લેવા-દેવા એને કશું લેવાદેવા નહીં.

આ આપણું પુસ્તક ફ્રી ઓફ કોસ્ટ (Free of cost) લે, અને પછી તે વેચી ખાય અગર કોઈ એવો ક્રોધી હોય, તે બૈરીને કહેશે, શાના પુસ્તકો છે આ દાદાનાં તને ના કહ્યું છે ને ! લઈને સળગાવી મેલે, બને એવું. એ જ્ઞાનાંતરાય એટલો બધો મોટો પડયો કે હજારો અવતાર થશે તોય ઠેકાણું નહીં પડે અને જ્ઞાન

અંતરાય પડે તે ભેગું દર્શન અંતરાય પડયા વગર રહેજ નહીં. એટલે આ બેઉ જોડેજ હોય. જ્ઞાન અંતરાય સાથે, બધા અંતરાય આઠેય પડે છે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન અંતરાયની સાથે.

**દાદાશ્રી :** હા. અંતરાય કર્મ એક જ પડે છે અને જ્ઞાન અંતરાયની સાથે બધા પડે છે અંતરાય એટલે પુસ્તક એમાં વેચી દે, પેલુ ંબાળી મેલે. ક્રોધ ભરાઈને શું થાય એને સમજણ નહીં ને બિચારાને ત્યાં ! એને ખબર નહીં ને ! કોઈનો ફોટો બળાય નહીં. ફોટો બાળવો એ માણસને માર્યા બરોબર છે. હં, કેટલાક માણસો ગુસ્સે ભરાઈ અને ફોટા સળગાવે છે. ના સળગાવાય. એ સ્થાપના છે.

સ્થાપના નામ સહિત હોય. ભલેને જીવતું નથી, એમાં દ્રવ્ય ભાવ નથી, પણ નામ-સ્થાપના તો છે ને ! આ મહાવીરની મૂર્તિ હોય, તે લોક કહે મુસલમાનોને કેમ કશું નહીં થતું !? એને ય ફળ તો મલ્યા વગર રહે નહીં ને ! મૂર્તિ કશું ના કરે, શાસન દેવો કરે, પણ લોકોનું મન દુખાવ્યું તે ફળ મલે. તમે મુસલમાનની મસ્જિદ બાળી મૂકો, એમાં કેટલાં મુસલમાનનું મન દુઃખાય, તેનું ફળ તમને અવશ્ય મલે. કોઈને દુઃખ આપીને તમે સુખી કયારેય પણ ન થાવ. માટે બને એટલું સુખ આપો, ના બને તો દુઃખ તો અપાય જ નહીં અને દુઃખ અણસમજણથી અપાય છે, લોકો મનમાં શું જાણે છે કે હું આપતો નથી, બધાય મને એવું કહે છે આપણે એવું ખોટું કરવું નહીં. કશું કોઈને દુઃખ નહીં આપવું. મેં કહ્યું અલ્યા શું સમજુ પણ તું, મૂઆ આખો દહાડો દુઃખ જ આપ્યા કરું છું તુ સમજયો શું તે આ ! એ તો એની ભાષાની વાત કરે છે, એની લેંગવેજમાં મારી લેંગવેજ સાંભળ. આખો દહાડો તું દુઃખ દુઃખ જ આપ્યા કરું છું.

સર્ટિફાઈડ લેંગવેજ જ્ઞાનીની છે. હા, સર્ટિફાઈડ ! એથી આગળનું જાણવાનું બીજાને ત્યાં ના મળે

**પ્રશ્નકર્તા :** પણ દાદા જ્ઞાનની પ્રતિતિ માટે અંતરાયો ઘણી વાર બહુ જરૂરી હોય છે. અંતરાય હોય તો જ આપણી પરિક્ષા થઈ શકે.

**દાદાશ્રી :** હા, આપણી પરીક્ષા થાય ને બધી કે આપણો શો હિસાબ છે, આપણે કયાં કયાં ગોદો માર્યા છે. ગોદા માર્યાનું ફળ છે ને ! અંતરાયો પાડયા તેનું ફળ આવ્યું છે ને ! જ્ઞાન પ્રાપ્તિના અંતરાય પડે, એટલે જ્ઞાન મલે નહીં ને ! એટલે અંતરાયના આવે તો જ એ પ્રાપ્તિ થાય.

હંડ્રેડ પરસેન્ટ દર્શન છે આપણું એટલે ત્રણસોને સાઈઠ ડીગ્રીનું ($306^0$) દર્શન છે આપણું અને અત્યારે આ બધા ધર્મો એક બીજાના વિરાધક છે. જૈન ધર્મ એ તમને શું કહેશે, હેય માતાજીમાં જશો તો મિથ્યાત્વી થઈ જશો. મહાદેવજીમાં જવાય નહીં, મિથ્યાત્વી થઈ જશો. અલ્યા મૂઆ દર્શનમાં અંતરાય પાડો છો. દર્શન જ્ઞાનમાં બેઉ અંતરાય. તમારાથી આવું ના બોલાય. તમને ના જવું હોય તો ના જશો. તમારાથી આવું ન બોલાય. આમનાથી એવું ન બોલાય કે જૈનમાં દેરામાં પેઠા એના કરતાં હાથી નીચે મરી જાવ. એ બધા અંતરાય પાડે છે. બધા અંતરાય પાડી ભેગા કરીને જો ધબાકા પાડતા હોય ! ગરબા ગાવાનો વખત આવ્યો છેવટે..... નવ દહાડા ના રાતમાં.

આપને સમજાયું આમાં વાત ! વાત સમજવા જેવી, ઝીણી વાતો છે બધી.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનાંતરાય માટે જે કીધું આપે, એવું એમને લાભાંતરાય માટે જાણવું છે કે લાભાંતરાય શું છે ?

**દાદાશ્રી :** જ્ઞાનાંતરાય એનાથી બધાય અંતરાય પડી જાય. લાભાંતરાય એટલે કોઈને કંઈ પણ પ્રકારનો લાભ થતો હોય, તે એને આપણે આંતરીએ, એ લાભાંતરાય અને કોઈ કપડા સારા પહેરતો હોય, અને આપણે કહીએ કે એય પૈસા નકામા પાડયા ના કરીશ કહીએ. એ ઉપભોગ અંતરાય અને જલેબી લાડવાને એ બધું ખાતો હોય, ત્યારે મૂઆ આવું રોજ રોજ શું ખાવાનું આ તે કંઈ ! ભીખ માંગવાનું છે કે શું ?! એ ભોગ અંતરાય પાડયા ! ઉપભોગ અંતરાય, ભોગ અંતરાય, લાભાંતરાય, આ જાત જાતના અંતરાય પાડીને તો આ જગત ઉભું થયું છે, ને પછી કહેશે, ભગવાન આલતો નથી. અલ્યા મૂઆ તારા જ પાડેલા તે ભગવાનને શું કરવા વગોવ કરું છું.

આ દુનિયાનો બધું ફોડ નીકળી જાય એવો છે.

જુઓને આ કાળમાં ઘણા ખરા મહાન પુરુષો નાની ઉંમરમાં જતા રહ્યા છે. કેવા અંતરાય પાડયા હશે, એ આયુષ્યના અંતરાય એટલા બધા પાડયા હશે !

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે પડેલા ?

**દાદાશ્રી :** એ એનો વિરોધી પ્રકાર, સમજી જાવને ! તીર્થંકરોને આવું ના હોય, બોંતેર વર્ષે તો ફૂલ ગણાય. બોંતેર વર્ષની ઉપરના બધા ફૂલ ગણાય.

શુભ આયુષ્ય નહીં, અશુભ આયુષ્ય હોય તેથી તે આયુષ્ય કર્મ તૂટી જાય. શુભ આયુષ્ય હોય તો ભોગવી લે. કૃપાળુદેવ ચોંત્રીસ (૩૪) વર્ષે.

શંકરાચાર્ય કેટલા વર્ષે ? બત્રીસ. સહેજાનંદ સ્વામી ઓગણ પચાસ (૪૯) વર્ષ જીવ્યા સાડી નવસો વર્ષ જીવ્યા હતા. કૃષ્ણભગવાન સાડી નવસો વર્ષ તોય પચાસ ખૂટયાં હતા. આયુષ્ય પૂરું ના થયું. પેલુ બાણ વાગ્યું ને ! આયુષ્ય એકઝેકટલી પૂરું ના થયું. પણ તોય પૂરું જ કહેવાય એમનું તો, પચાસ જ રહી ગયા ને ! હજારનું હતું તે દહાડે હિસાબ. એકાવન સો વર્ષ ઉપર હજારનું આયુષ્ય હતું. મહાવીરના વખતથી સો વર્ષનું આયુષ્ય થયેલું છે. એટલે બત્રીસો વર્ષથી સો વર્ષનું આયુષ્ય પહેલાં વધારે હતું. ઘટતા જાયને બધા, આયુષ્યને એ બધું ઘટતું જાય ને !